જમ્મુ-કાશ્મીરમાં અભૂતપૂર્વ બચાવ ઓપરેશન

સ્કુલ, કોલેજ, હોસ્પિટલો, સચિવાલય પાણીમાં : સ્થિતિ સામાન્ય બનવામાં ઘણો સમય લાગે તેવી સંભાવના



શ્રીનગર,તા.૮

જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દશકમાં સૌથી વિનાશકારી પુરની સ્થિતિ વચ્ચે અભૂતપૂર્વ બચાવ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મોતનો આંકડો સતત વધી રહ્યો છે. પુરની સ્થિતિ ખૂબ જ ગંભીર બનેલી છે. બચાવ અને રાહત કામગીરીમાં હવે નૌકાસેનાની ટીમ પણ જોડાઈ ગઈ છે. શ્રીનગર પણ પાણીમાં હોવાના હેવાલ મળી રહ્યા છે. શ્રીનગર જળબંબાકાર થયા બાદ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. બીજીબાજુ જમ્મુ-કાશ્મીરમાં વિનાશકારી પુરમાં મોતનો આંકડો વધીને ૨૦૦થી પણ વધુ થઈ ગયો છે. ઘણા લોકો લાપતા પણ થયેલા છે. ૩૦ હજારથી પણ વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા છે. સ્થિતિમાં સુધાર થવામાં હજુ ઘણો સમય લાગે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ માર્ગોને ભારે નુકશાન થયું છે. અટવાઈ પડેલા લોકોને સુરક્ષિત સ્થળોએ સતત ખસેડવામાં આવી રહ્યા છે. હજુ ભારે વરસાદ પડી રહ્યો છે જેથી ઘણી તકલીફ આવી રહી છે. બચાવ અને રાહત કામગીરીમાં સેના અને હવાઈ દળની સાથે-સાથે હવે નૌકાસેનાના જવાનો પણ જોડાઈ ગયા છે. ભારે વરસાદ અને પુરના કારણે શ્રીનગર શહેરની હાલત કફોડી બનેલી છે. દૂરસંચાર સેવા ઠપ થઈ ગઈ છે. પાણી ભરાઈ જતા મોટા પડકારો ઉભા થયા છે. શ્રીનગર શહેરમાં પણ ૨૫થી વધુ બોટનો ઉપયોગ લોકોને સુરક્ષિત રીતે ખસેડવા માટે થઈ રહ્યો છે. મોતનો આંકડો ૨૦૦થી પણ ઉપર પહોંચી ગયો છે. હોસ્પિટલ સહિત શ્રેણીબદ્ધ ઈમારતોને નુકશાન થયું છે. સેનાની છાવણી, સચિવાલય અને શ્રીનગરમાં હાઈકોર્ટ પણ પાણીમાં છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના વડા ઓપીસિંહનું કહેવું છે કે, હાલત ખૂબ જ ગંભીર બનેલી છે. પાણીની સપાટી વધારે હોવાના કારણે જવાનો પણ પહોંચી શકતા નથી. બચાવ ઓપરેશનને સાનુકુળ બનાવવા રાજ્યને ત્રણ ઝોનમાં વિભાજીત કરીને બચાવ કામગીરી હાથ ધરાઈ છે. દરેક ઝોનમાં કમાન્ડેન્ટ રેંકના ઓફિસર નજર રાખી રહ્યા છે. તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી પણ ભયજનક સ્તર પર પહોંચી છે.શ્રીનગરમાં નાગરીક સચિવાલય નજીક પણ લોકો પાણીમાં ઘરકાવ છે. ૫૦૦થી વધુ સેટેલાઈટ ફોન જમ્મુ અને કાશ્મીર ખીણ વિસ્તારમાં ગોઠવવામાં આવેલા જવાનો માટે મોકલવામાં આવ્યા છે. રાજ્ય સરકારે ૧૨મી સપ્ટેમ્બર સુધી તમામ સ્કુલ કોલેજોને બંધ રાખવાની જાહેરાત કરી છે. નવા આદેશ સુધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે.

ઝારખંડમાં બંડખોરોએ રેલવે ટ્રેકને ઉડાવી દીધું

રાંચી,તા. ૮

ઝારખંડમાં બળવાખોરોએ આજે વહેલી પરોઢે સાઉથ ઈસ્ટર્ન રેલવે હેઠળ ધનબાદ ડિવીઝનના સીઆઈસી સેક્સન ઉપર રેલવે ટ્રેકને ફૂંકી મારતા ટ્રેન સેવાને ભારે અસર થઈ હતી. રેલવે ટ્રેકને ફૂંકી મારવામાં આવ્યા બાદ મહત્વપૂર્ણ રેલવે રુટ ઉપર ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. એક માલગાડીના કેટલાક ડબ્બા પણ પાટા પરથી ઉતરી ગયા હતા. માઓવાદીઓ દ્વારા બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ લાતેહાર અને બેન્ડી રેલવે સ્ટેશન વચ્ચે રેલવે ટ્રેક ઉપર ભારે નુકશાન થયું હતું. માઓવાદીઓ આ વિસ્તારમાં કેટલાક પોસ્ટરો પણ મુકી ગયા હતા. જેનાથી સ્પષ્ટ થાય છે કે માઓવાદીઓ દ્વારા જ આ બ્લાસ્ટ કરાયો હતો. લાતેહારના એસપી માઈકલરાજે માહિતી આપતા કહ્યું છે કે, માલગાડીના ઘણા ડબ્બા પાટા પરથી ખડી પડ્યા છે માઓવાદીઓ દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યા બાદ ટ્રેન સેવા ખોરવાઈ હતી. માઓવાદીઓના પોસ્ટરોમાં સુસંકેત આપવામાં આવ્યા છે તે અંગે જાણવા મળી શક્યું નથી. ધનબાદ રેલવે ડિવીઝનના પ્રવક્તાએ કહ્યું છે કે, રેલવે અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. રાંચીના ડીઆરએમ દિપક કશ્યપે કહ્યું છે કે, ઉત્તર તરફ જતી ટ્રેનોના રુટ બદલવામાં આવ્યા છે.

૪ દિવસ બાદ વૈષ્ણોદેવી યાત્રા ફરી શરૂ કરી દેવાઈ

જમ્મુ ,તા. ૮

માતા વૈષ્ણોદેવીની યાત્રા ચાર દિવસ સુધી બંધ રહ્યા બાદ આજે

ફરીવાર શરૂ થતાં શ્રદ્ધાળુઓને રાહત થઈ છે. હજારો શ્રદ્ધાળુઓ છેલ્લા ઘણા દિવસથી અટવાયેલા હતા. રેસી જિલ્લાના ત્રિકુટા પહાડીમાં વૈષ્ણોદેવીના શ્રદ્ધાળુઓમાં ફરી એકવાર ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાર દિવસથી યાત્રા બંધ રાખવામાં આવી હતી. જોકે, યાત્રા જુના માર્ગથી ફરી શરૂ કરવામાં આવી છે. બે નવા ટ્રેક ભેખડો ધસી પડવાના કારણે હજુ પણ બંધ રાખવામાં આવ્યા છે. છેલ્લા ચાર દિવસથી વૈષ્ણોદેવીની યાત્રા બંધ રાખવામાં આવી હતી. કારણકે, ભારે વરસાદ થઈ રહ્યો હતો. ખરાબ હવામાનની સ્થિતિ હતી. શ્રીમાતા વૈષ્ણોદેવી બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી મનદીપ ભંડારીએ કહ્યું છે કે, યાત્રા ફરી શરૂ કરવામાં આવી છે. જુના રુટથી યાત્રા શરૂ થઈ છે. બે નવા ટ્રેક બંધ રાખવામાં આવ્યા છે. વધુ બે-ત્રણ દિવસ હજુ લાગે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખરાબ હવામાન અને અન્ય તમામ પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. છેલ્લા કેટલાક દિવસથી પાંચ હજાર જેટલા શ્રદ્ધાળુ જુદી-જુદી જગ્યાઓએ અટવાયેલા છે. કટરા બેઈઝકેમ્પ ખાતેથી યાત્રાને ચોથી સપ્ટેમ્બરે બંધ કરાઈ હતી.વૈષ્ણોદેવી યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જુદી-જુદી જગ્યાઓના છે જેમાં ગુજરાતના શ્રદ્ધાળુઓનો પણ સમાવેશ થાય છે. શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તે માટે તમામ પગલા લેવાઈ રહ્યા છે. હજુ સ્થિતિમાં સુધાર થવામાં સમય લાગશે તેમ માનવામાં આવે છે.

ઈકોનોમિ ક્લાસ માટે ખાસ ભાડાની જેટની પણ ઓફર

મુંબઈ,તા. ૮

સ્થાનિક એર કેરિયર જેટ એરવેઝે તેના સ્થાનિક નેટવર્ક ઉપર ઈકોનોમિ ક્લાસમાં મુસાફરી કરનાર તમામ યાત્રી માટે પાંચ દિવસ માટે ખાસ ભાડાની ઓફર કરી છે. આ ઓફર છઠ્ઠી સપ્ટેમ્બરથી લઈને ૧૦મી સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે. આ સ્કીમના ભાગરૂપે તમામ ભાડા ૧૯૯૯ રૂપિયાથી લઈને શરૂ થશે. સાતમી ઓક્ટોબર ૨૦૧૪થી

૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ સુધીના ગાળામાં મુસાફરી કરનાર તમામ લોકો માટે આ સ્કીમ અમલમાં રહેશે.બીજા પાંચ દિવસની ખાસ ભાડાની ઓફર ૬૦૦ રૂપિયાની રહેશે જેમાં ટેક્સનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ પાંચ દિવસ માટે ભાડાની ઓફર ૧૬મી જાન્યુઆરી ૨૦૧૫થી ૩૧મી જુલાઈ ૨૦૧૫ વચ્ચેના ગાળામાં મુસાફરી કરનાર લોકો માટે રહેશે. આ ઓફર એરલાઈન્સના સ્થાનિક નેટવર્ક ઉપર સીધી ફ્લાઈટ માટે જ અમલી રહેશે. વેચાણ વહેલા તે પહેલા ધોરણના આધાર પર રહેશે. ગ્રુપ બુકિંગ માટે આ વેચાણ લાગુ પડશે નહીં. જેટ દ્વારા ગયા સપ્તાહમાં જ ઈકોનોમિ ક્લાસના પ્રવાસ માટે ૫૦૦ રૂપિયાથી શરૂ કરીને ડિસ્કાઉન્ટ ટિકીટની ઓફર કરી હતી. શરૂઆતમાં બે દિવસ માટે આ ઓફર મુકવામાં આવ્યા બાદ તેને વધુ એક દિવસ માટે લંબાવી દેવાઈ હતી. આ ઓફરનો ગાળો પાંચમી સપ્ટેમ્બરે પૂરો થયો હતો. હાલમાં તમામ એરલાઈન્સો વચ્ચે યાત્રીઓને આકર્ષિત કરવા માટે જોરદાર સ્પર્ધા ચાલી રહી છે. હાલમાં જ સ્પાઈસ જેટ, ઈન્ડિગો અને અન્ય લો-કોસ્ટ દ્વારા યાત્રીઓને આકર્ષિત કરવા ખાસ ઓફર શરૂ કરાઈ છે.

યુએસ ઓપન : ફરી સેરેના વિલિયમ્સ મહિલા ચેમ્પિયન

ન્યુયોર્ક,તા. ૮

સ્ટાર ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સે ન્યુયોર્કમાં રમાયેલી વર્ષની અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલાઓનો સિંગલ્સ તાજ જીતી લીધો છે. ફાઈનલમાં સેરેનાએ ડેનમાર્કની ૧૦મી ક્રમાંકિત ખેલાડી કેરોલાઈન વોઝનિયાકી પર સીધા સેટોમાં ૬-૩, ૬-૩થી જીત મેળવીને સતત ત્રીજી વખત યુએસ ઓપન ટેનિસમાં ટ્રોફી જીતી લેવામાં સફળતા મેળવી હતી. ઓપન યુગમાં ક્રિસ એવર્ટ બાદ સતત ત્રીજી વખત યુએસ ઓપનમાં તાજ જીતનાર તે પ્રથમ ખેલાડી બની છે. જો કે આ મેચ એક તરફી રહેતા ચાહકો નિરાશ થયા હતા. સેરેના વિલિયમ્સે કુલ છઠ્ઠી વખત યુએસ ઓપનમાં તાજ જીત્યો હતો. જ્યારે એકંદરે ૧૮મી ગ્રાન્ડ સ્લેમ જીતવામાં સેરેના સફળ રહી છે. આ જીતની સાથે જ સેરેનાએ અનેક રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. અમેરિકાની પ્રથમ ક્રમાંકિત ખેલાડી સેરેનાએ માર્ટિના નવરાતિલોવા અને

ક્રિસ એવર્ટના ૧૮ ગ્રાન્ડ સ્લેમના રેકોર્ડની બરોબરી કરી હતી. આ ઉપરાંત ૩૨ વર્ષીય સેરેનાએ માર્ટિના નવરાતિલોવા બાદ આ ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી મોટી વયની ખેલાડી બની હતી. નવરાતિલોવાએ વર્ષ ૧૯૯૦માં ૩૩ વર્ષની વયમાંવિમ્બ્લડન જીતવામાં સફળતા મેળવી હતી. વર્ષ ૨૦૦૯માં વોઝનિયાકી યુએસ ઓપન ટાઈટલ મેચ હારી ગઈ હતી.

ફાઈનલમાં જીત સાથે જ સેરેના નવા રેકોર્ડ પણ કરી ચુકી છે. અગાઉ તે સૌથી વધુ ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચનાર પાંચમી ખેલાડી બની ગઈ હતી. ક્રિસ એવર્ટે સૌથી વધુ ૩૪ વખત, માર્ટિના નવરાતિલોવાએ ૩૨ વખત અને સ્ટેફી ગ્રાફે ૩૧ વખત ફાઈનલમાં ક્રુચ કરી હતી. સેરેના વિલિયમ્સે હજુ સુધી ૨૨ વખત ગ્રાન્ડ સ્લેમની ફાઈનલમાં પહોંચીને ૧૭માં જીત મેળવી છે. અને ચારમાં તેની હાર થઈ છે. જે સારો રેકોર્ડ છે.

કોલસા બ્લોક ફાળવણીને લઈ એફિડેવિટ રજૂ કરાઈ

નવી દિલ્હી, તા.૦૮

કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવાના સંદર્ભમાં નિર્ણય કરવા સરકારે સુપ્રીમ કોર્ટ ઉપર છોડી દીધો છે. સરકારે કહ્યું છે કે સુપ્રીમ કોર્ટ આ સંદર્ભમાં નિર્ણય કરી શકે છે. સરકારે સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા બ્લોકની ફાળવણી અંગે સુપ્રીમ કોર્ટમાં આજે એક એફિડેવીટ દાખલ કરી હતી. જેમાં જણાવ્યું હતું કે, તેના દ્વારા ગેરકાયદે દર્શાવવામાં આવેલા કોલસા બ્લોક તે રદ કરી શકે છે. સરકાર દ્વારા દાખલ કરાયેલી એફિડેવીટને ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ સરકારે ૪૦ ઓપરેશનલ કોલસા બ્લોક અંગે પણ વિગત આપી છે. ઉપરાંત ટૂંકમાં જ કાર્યરત થનાર અન્ય છ બ્લોક અંગે પણ માહિતી આપી છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ અગાઉ ચીફ જસ્ટીસ આરએમ લોધાના નેતૃત્વમાં બેંચ સમક્ષ કહ્યું હતું કે, આ ૪૬ બ્લોકને છોડીને બાકીના બ્લોકની હરાજી કરવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે ૧૯૯૩ અને ૨૦૧૦ વચ્ચેના ગાળામાં કોલસા બ્લોકની કેન્દ્ર દ્વારા ફાળવણી ગેરકાયદે હતી. ફાળવણીને ગેરકાયદે જાહેર કરવાને લઈને મામલો ખૂબ જ ગરમ થયેલો છે. આવતીકાલે સુપ્રીમ કોર્ટ દ્વારા આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. ફાળવણીને ગેરકાયદે જાહેર કરવાના મામલે આવતીકાલની તપાસને લઈને ભારે ચર્ચા છે. જુદા જુદા પ્રોજેક્ટો માટે કંપની દ્વારા કરવામાં આવેલા રોકાણને ધ્યાનમાં લઈને સુનાવણી હાથ ધરાશે. દરમિયાન સુત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ વિજળી અને કોલસા મંત્રાલય બ્લોકની હરાજી કરવાની યોજના ધરાવે છે.

માઈક્રોમેક્સ કેનવાસ નિટ્રો એ-૩૧૦ લોન્ચ

નવી દિલ્હી,તા.૮

ભારતીય હેન્ડસેટ બનાવતી કંપની માઈક્રોમેક્સે નવા બજેટ સ્માર્ટફોન કેનવાસ નિટ્રો એ-૩૧૦ લોન્ચ કર્યો છે. આની કિંમત ૧૨૯૯૦ રૂપિયા રાખવામાં આવી છે. ઓક્ટા કોર પ્રોસેસરની સાથે આ ફોન લોન્ચ કરાયો છે. આ ફોન ઈ-કોમર્સ માર્કેટ વેચાણ સ્તર સ્નેપડીલ ઉપર ઉપલબ્ધ રહેશે. આ ફોનમાં અનેક ગણી સુવિધાઓ રહેલી છે. જેમાં ફોક્સ લેધર બેકની સુવિધા છે જે પ્રીમિયમ ડિઝાઈન ઉપલબ્ધ કરાવે છે. માઈક્રોમેક્સ કેનવાસ નિટ્રો પાંચ ઈંચ , ૭૨૦ એચડી ડિસ્પ્લે ધરાવે છે. આ ઉપરાંત તે ૧.૭ ગિગાહર્ટ્ઝ મિડીયાટેક ઓક્ટા કોર પ્રોસેસર ધરાવે છે. આ ફોનમાં ૨-જીબી રેમ અને ૮ જીબી ઈન્ટરનલ સ્ટોરેજ છે. આમાં માઈક્રોએસડી કાર્ડની જગ્યા છે જે ૩૨ જીબી સુધી કોઈપણ કાર્ડને સપોર્ટ કરે છે. કેનવાસ નિટ્રોમાં ૧૩ એમપી રિયર કેમેરા છે જેમાં એલઈડી ફ્લેશ છે જ્યારે ૫ એમપી ફ્રન્ટ

ફેસીંગ કેમેરા છે. આ ફોન એન્ડ્રોઈડ ૪.૪ કિટકેટ દ્વારા સંચાલિત છે અને માઈક્રોમેક્સ સ્ટોર અને એપ્સ ધરાવે છે. આ ફોન બજારમાં લોકપ્રિયતા મેળવે તે કંપની માને છે. કનેક્ટીવીટીની દૃષ્ટિએ ડ્યુઅલ સિમ ફોન, થ્રીજી, બ્લુટુથ, વાઈફાઈ અને જીપીએસને પણ સપોર્ટ કરે છે. આ ફોન વ્હાઈટ અને બ્લુ કલરમાં ઉપલબ્ધ છે. ૨૫૦૦ એમએએચ બેટરીની સુવિધા છે.

સમાચાર ઝલક

- સુરત શહેરમાં ૧૨ વાગ્યા સુધીમાં કુલ ૧૧૮૧૯ મૂર્તિનું વિસર્જન લોકોએ કર્યું હતું જ્યારે ડુમ્મસના કૃત્રિમ તળાવમાં ૮૯૦ મૂર્તિઓનું વિસર્જન કરાયું છે.
- લેટેસ્ટ માહિતી પ્રમાણે અમેરિકામાં શોધી લેવાઈ છે ઈબોલા વિરોધી રસી.
- ગુજરાતના અનેક વિસ્તારોમાં સવારથી સારો વરસાદ વરસી રહ્યો છે. ઉકાઈમાં ૫૬ ઈંચ વરસાદ, તાપીમાં છોડાશે ૩ લાખ ક્યુસેક પાણી.
- સાણંદમાં એક જ પરિવારના ૪સભ્યોએ કર્યો સામુહિક આપઘાત. ખેતરમાંથી મળી લાશ.
- સીએમ અને પીએમનો કાર્યક્રમ કેટલી શાળાઓમાં દર્શાવાયો નથી તેની તપાસ થશે.
- મૂળી : મધ ઉછેરમાં ગુજરાતનું જાણીતું ગામ : બે વર્ષમાં જ ૯ લાખની આવક.
- નરોડા પાટિયાથી દહેગામ રીંગરોડ સર્કલ સુધી બીઆરટીએસ માટે ૨૭૬ વૃક્ષો કપાશે.
- પતિને 'હીજડો' કહેવો ક્રૂરતા કહેવાય : કોર્ટ.
- રવિવારે સમગ્ર દેશમાં એક સાથે યોજાયેલ ઓલ ઈન્ડિયા બાર એકઝામમાં ચોપડી સાથે લઈ બેસેલા વકીલો પણ મુંઝાયા હતા અને પ્રશ્નો શોધતા ફાંફા પડી ગયા હતા.

હરિયાળું હરણોધાન (પાના નં. ૪ નું ચાલુ)

તમારી વાત સાચી છે. આ બધું લગભગ કયા વર્ષમાં શરૂ થયું?

આ વાત સાંભળી આતાજી આંગળીના ટેરવાથી ગણતરી કરવા માંડ્યા પછી કહે 'સાહેબ મને લાગે છે કે લગભગ ૧૯૭૧-૭૨ના વરસમાં શરૂ થયેલું. નદી કાંઠાના આ કોતરવાળા ભાગને જંગલ ખાતાએ નવસાધ્ય કર્યો. તેથી માણસોએ બનાવેલ આ કૃત્રિમ જંગલ જેવું ઊભું થયું. પછી તો એમાં કુદરતી ઉગાવો પણ થવાને લીધે આજે જુઓ કેવી ગીચ ઝાડી લાગે છે.

વાત વાતમાં વખત કયાં વીતી ગયો એની ખબર પણ ન પડી. પડછાયા લાંબા થવા લાગ્યા હતા. પશ્ચિમના આકાશમાં સુરજ ક્ષિતિજ ભણી જતાં ઝાડીમાંથી ચળાઈને તડકો આવતો હતો. છ તો કયારના વાગી ગયા હતા. કડીયા અને મજુરો તેમનું કામ આટોળી રહ્યા હતા.'

વરનાજીમાં પંખીઓનો કિલ્લોલ વધી ગયો હતો. અચાનક ઝાડીમાં કોઈ પ્રાણી પસાર થયું હોય એવું મને લાગ્યું. દૂરથી કુતરા જેવું લાગતું હતું પણ કૂતરું તો નહોતું. મેં આતાજીને પુછ્યું તમે કંઈ જોયું?

'હાં સાહેબ એ શિયાળ છે. એક પગે જરા લંગડાય છે. આપણા પાર્કની ઝાડીમાં જ રહે છે.'

'તો બીજી શિયાળ પણ હશે ને?'

'પહેલાં તો કેમ્પ સાઈડ બાજું સાંજે નહીના કિનારે શિયાળવાંનો બહુ અવાજ આવતો પણ હમણાં સાંભળ્યો નથી.'

'મારે એ શિયાળને જોવું છે. ચાલો જરા અંદર જઈએ?'

અમે બંને ગીચ ઝાડીમાં નાનકડી કેડી પર ચાલતાં ચાલતાં ગયા સહેજ ખખડાય થાય એટલે નજર એ તરફ જાય. છેવટે પાણીના વહેળા પાસે શિયાલ જોવા મળ્યું.

અંધારું થવા આવ્યું હતું. તેથી અમે બંને પાછાં વળ્યાં.

(ક્રમશઃ)

ભારતીય રેલવેમાં હજુ પણ ૨.૨૫ લાખ પોસ્ટ ખાલી છે

નવી દિલ્હી,તા. ૮

ભારતીય રેલવેમાં હજુ પણ ૨.૨૫ લાખતી વધુ જગ્યાઓ ખાલી રહેલી છે. આ જગ્યાએને ભરવા માટે રેલવે સહિતના સંબંધિત વિભાગો દ્વારા તમામ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હોવા છતાં હજુ સુધી ખાલી જગ્યાઓ ભરવામાં આવી રહી નથી.રેલવેની સ્થિતીને સુધારવા માટે તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. છતાં રેલવેમાં હજુ પણ વધુ સુધારા હાથ ધરી શકાય છે. આ જ કારણસર રેલવેમાં રહેલી ખાલી જગ્યાઓને ભરવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જારી કરવામાં આવેલા નવા આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે રેલવેમાં ખાલી જગ્યાઓ લાખોમાં છે. રેલવેના જુદા જુદા ઓપરેશનને હાથ ધરવા માટે લાખો લોકોની જરૂર છે. રેલવે બોર્ડમાં સભ્ય (ઈલેક્ટ્રિકલ)ની જગ્યા પણ ખાલી છે. ઉપરાંત ચાર જનરલ મેનેજર અને કેટલાક ડિવીઝનલ રેલેવ મેનેજરની જંગ્યા ખાલી છે. પહેલી એપ્રિલ૨૦૧૪ના દિવસના આંકડા મુજબ ઝોનલ રેલવેમાં જડુદી જુદી કેટેગરીમાં કુલ ૨૨૫૮૬૩ જગ્યા ખાલી છે. તાજેતરમાં જ સંસદમાં રેલવે રાજ્ય પ્રધાન મનોજ સિંહાએ આ મુજબની માહિતી આપી હતી. જો કે પ્રધાને દલીલ કરી હતી કે ટ્રેન ઓપરેશનની અસરકારતા પર કોઈ અસર થઈ રહી નથી. આ સ્થિતીને સતત સુધારવામાં આવી છે. ઉપરાંત સુરક્ષાના મામલે કોઈ બાંધછોડ કરવામાં આવી રહી નથી. જો કે રેલવે કર્મચારીઓ જુદી માંગને લઈને ઉદાસીન છે. ભાજપે સરકારે રેલવે યાત્રી ભાડામાં વધારો કર્યા બાદ રેલેવેની સુવિધાને વધારવા માટે સતત દબાણ વધારવામાં આવી રહ્યું છે. સરકાર પણ કહી ચુકી છે કે તે યાત્રીઓને સર્વશ્રેષ્ઠ સુવિધા આપવા માટે કટિબદ્ધ છે. રેલવેમાં જીએમ, ડિઆરએમ, મેમ્બર ઈલેક્ટ્રીકલ સહિતના ટોચના હોદ્દાઓ ખાલી રહેલા છે. મોટાભાગની જગ્યાઓ જે ખાલી છે તે સુરક્ષા સાથે સંબંધિત છે. ડ્રાઈવર, સ્ટેશન માસ્ટર, ગાર્ડ, સિગ્નલ ઈન્સપેક્ટર અને મેઈન્ટેનન્સ સ્ટાફની જગ્યાઓ પણ ખાલી પડેલ છે. આઠ રેલવે સર્વિસ સાથે જોડાયેલ અધિકારીઓ ફિક્સ ક્વોટાના આધાર ઉપર ડિઆરએમ માટે પસંદગી પામે છે. ડિઆરએમની ૬૮ પોસ્ટ પૈકી ૧૬ પોસ્ટ ટ્રાફિક, મેકેનિકલ અને એન્જીનિયરીંગ સર્વિસમાં જાય છે. જ્યારે ૯ ઈલેક્ટ્રીકલ અને ૪ સિગ્નલમાં જાય છે. ઈલેક્ટ્રીકલની માંગ પણ ખૂબ રહી છે. જગ્યાઓને ભરવામાં વિલંબને લઈને ભૂતકાળમાં ગંભીર પ્રશ્નો ઉભા થયા હતા.